# ખાનગી કંપની દ્વારા મેડિકલ કેમ્પ યોજાયો

ભુજ, તા. ૨૮

અબડાસા તાલુકાના વાયોર નજીકની સાંઘી ઈન્ડસ્ટ્રીઝ દ્વારા માતાના મઢ જતાં પદયાત્રીઓ માટે મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આસો નવરાત્રિ નિમિત્તે મઢવાળી માના દર્શનાર્થે મુંબઈ તેમજ ગુજરાતભરમાંથી ભાવિકો પગપાળા આવે છે સામખિયાળીથી છેક માતાના મઢ સુધી વિવિધ મંડળો દ્વારા સેવા કેમ્પો યોજવામાં આવે છે ત્યારે માતાના મઢથી ભુજ તરફ આવતાં રોડ પર ગોરખ ટેકરી સામે કંપની દ્વારા શરૂ કરાયેલા મેડિકલ કેમ્પમાં ૧૦૦૦ જેટલા માઈભક્તોએ મસાજ, માલીશ, તાવ, માથાનો દુ:ખાવાની સારવાર મેળવી હતી. છેલ્લા નોરતા સુધી ચાલનારા મેડિકલ કેમ્પમાં કંપનીના તબીબો તેમજ સ્ટાફગણના ૫૦ જેટલા કર્મચારીઓ સેવા આપી રહ્યા છે.